અમદાવાદ સિવિલના તબીબોએ બ્રોકોસ્કોપી કરી બાળકની શ્વાસનળીમાંથી સોફ્ટબોર્ડ પીન બહાર કાઢીને સર્જરી પાર પાડી

અમદાવાદ, અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબોએ ૧૦ વર્ષના બાળકને મોતના મુખમાંથી ઉગારીને પીડામુક્ત કર્યો છે. મૂળ દાહોદના રહેવાસી સાજીદ અલીના ૧૦ વર્ષીય પુત્ર મોહિન અલી સાથે ખૂબ જ દયનીય ઘટના ઘટી હતી. મોહિનખાન ખેતરમાં રમી રહ્યો હતો. જ્યાં રમત રમતમાં તે સોફ્ટ બોર્ડની પીન ગળી ગયો .આ પીન ગળી ગયા બાદ ત્રણ દિવસ સુધી તો તેણે કોઈને જાણ ન કરીં. જેના પરિણામે તેને સતત ઉધરસની તકલીફ થવા લાગી. એકાએક છાતીમાં દુખાવો થતા તેણે પીતાને જાણ કરી. જ્યાં સુધી તો આ સમસ્યા વધુ ગંભીર અને વિકરાળ બની ગઇ હતી.મોહિનને શ્વાસ લેવામાં પણ સમસ્યા થવા લાગી હતી. જેનાથી પરિવારજનો ચિંતીત બન્યાં. પ્રાથમિક તપાસ અર્થે દાહોદ અને ત્યારબાદ વડોદરા ખાતેની હોસ્પિટલમાં પરિવારજનો મોહિનને નિદાન અર્થે લઇ ગયા. આ પ્રકારની સમસ્યા અત્યંત જટિલ અને તેની સર્જરી પડકારજનક જણાઇ આવતા વડોદરાના તબીબોએ મોહિનને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઇ જવા કહ્યું.મોહિનના પિતા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં સારવાર અર્થે લઇ આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૮ મી ડિસેમ્બરે પહોંચ્યા ત્યારે તેનું એક્સ-રે અને સી.ટી. સ્કેન કરવામાં આવ્યું. આ રીપોર્ટમાં સોફ્ટ બોર્ડ પીન શ્વાસનળીમાં ફસાયેલી હોવાનું જણાઇ આવ્યું. જેની સર્જરી કરવી અતિઆવશ્યક હતી. બાળરોગ સર્જરી વિભાગના વડા અને સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી અને ડૉ. અનીઝ રતાણી તેમજ એન્સેશિયા વિભાગમાંથી ડૉ. અનીષા ચોક્સી અને તેમની ટીમે ૨૧મી ડિસેમ્બરે મોહિનની સર્જરી કરવાનો નિર્ણય કર્યો. બ્રોક્રોસ્કોપિ સર્જરી દ્વારા શ્વાસનળીમાં ફસાયેલી પીન બહાર કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. આ સર્જરી દરમિયાન જોવા મળ્યું કે પીન જમણા ફેફસામાં ભરાઇ જતા ફેફસામાં કાણું પડી ગયું હતુ.એક કલાકની ભારે જહેમત બાદ ખૂબ જ તકેદારીપૂર્ણ સર્જરી હાથ ધરીને પીનને સાવચેતીપૂર્ણ બહાર કાઢવામાં તબીબોને અંતે સફળતા મળી. ડૉ. રાકેશ જોષી અને સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી જણાવે છે કે, ભૂતકાળમાં પણ બાળકોમાં રમતરમતમાં પત્થર, સ્ક્રુ, એલ.ઇ.ડી. બલ્બ, લખોટી જેવી વસ્તુઓ ગળી જવાના કિસ્સા અમારી સામે આવ્યા છે અને અમારી ટીમે આ પ્રકારની જટીલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી છે.

ખંભાળિયામાં જિલ્લા NSUI અને યુવક કોંગ્રેસની મહત્વની બેઠક યોજાઈ

દ્વારકા, ખંભાળિયા પંથકના વિદ્યાર્થીઓના પ્રશ્નો માટે સતત લડત કરતા કાર્યકર દાના માડમને કોંગ્રેસ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ પદે નિમણુંક કરવામાં આવી છે. આ બાબતે ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા એન.એસ.યુ.આઈ. અને યુવક કોંગ્રેસના આગેવાનોની મહત્વની મિટિંગ યોજાઈ હતી. આગામી દિવસોમાં જિલ્લામાં સંગઠનને મજબુત બનાવવા અને વિદ્યાર્થીઓના પ્રશ્નોની મજબુત લડત આપવા રણનીતિ તૈયારી કરવામાં આવી હતી. આના અનુસંધાને જિલ્લા એન.એસ.યુ.આઈ. પ્રમુખ દાના માડમ અને યુવક કોંગ્રેસના પ્રમુખ સંજયભાઈ આંબલિયાની આગેવાની હેઠળ ગોવિંદ આંબલિયા, સાગર ગોજીયા, હિતેષ નકુમ, કપિલ ત્રિવેદી, ગોવિંદ કરમુર, યુવરાજસિંહ વાઢેર, ગોવિંદ કણઝારીયા, જયદિપ ભોચીયા, હર્ષિલ બારોટ સહિતના કાર્યકરો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ યુવક પંદર દિવસ માટે નોર્થ ઈસ્ટ જાય : પ્રધાનમંત્રી

રાજકોટ, સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટને ૭૫ વર્ષ પૂર્ણ થતા હાલ અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પીએમ મોદીએ વર્ચ્યૂઅલી સભાને સંબોધી હતી અને ગુરુકુળના સંતોને નોર્થ ઈસ્ટમાં ૧૦૦ યુવકોને મોકલવાની અપીલ કરતા કહ્યું હતું કે, દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ યુવક પંદર દિવસ માટે નોર્થ ઈસ્ટ જાય. નાગાલેન્ડ, સિક્કીમ, ત્રિપુરા જેવા શહેરોમાં જાય. ત્યાંના યુવકોને મળે જેથી સાંસ્કૃતિક તાદામ્ય સર્જાય.દર વર્ષે દોઢસો યુવકો ૧૫ દિવસ માટે ત્યાં જાય. તો કેટલું સારું!' આ ઉપરાંત ઈતિહાસમાં પહેલીવાર રાજકોટની ભાગોળે દીકરીઓ માટે ખાસ ગુરુકૂળ બની રહ્યું છે. અને તેનું સંચાલન પણ મહિલાઓ દ્વારા જ કરવામાં આવશે. તેની પણ પીએમ મોદીએ પ્રસંશા કરી હતી. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,૭૫ વર્ષ પહેલા આપણા સંતોએ આ યાત્રાનો આરંભ કર્યો હતો. તમને નોર્થ ઈસ્ટમાં જઈને લાગશે કે કેવા હોનહાર યુવકો નોર્થ ઈસ્ટમાં છે. તેમની સાથે નાતો જોડાય તો દેશ માટે નવી તાકાત જોડાશે. તો સાથએ જ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ગુરુકુળના વિદ્યાર્થીઓ શેરી નાટકો કરે અને લોકોને જ્ઞાન આપે, જેમ મનુષ્યને વ્યસનથી મુક્તિ માટે અભિયાન ચલાવીએ છીએ. તેમ ધરતી માતાને કેમિકલથી મુક્તિનુ પ્રણ લેવડાવવા તમે પ્રયાસો કરો. તમારા માધ્યમથી વાત સરળતાથી પહોંચશે. આઝાદીના અમૃતકાળમાં ગુરુકુળ ઉજ્જ્વળ ભવિષ્ય માટે પર્યાવરણની રક્ષા માટે નવા વિચારોને લઈને ચાલી શકે છે. મને વિશ્વાસ છે કે, સ્વામિનારાયણ સંપ્રદાય પાસેથી મેં જ્યારે જે માંગ્યુ છે તે પુરુ કર્યું છે. આનાથી ભાવિ પેઢીનું જીવન સરળ થશે. પ્રધાનમંત્રીશ્રીએ સહર્ષ કહ્યું હતું કે સ્વામિનારાયણ ગુરૂકુળ યાત્રાનું ૭૫મું વર્ષ એવા સમયે પૂરું થઇ રહ્યું છે કે જ્યારે દેશ આઝાદીનું ૭૫મું વર્ષ ઉજવી રહ્યું છે. આ સુખદ સંયોગ છે. આ સંસ્કૃતિ અને સમર્પણનો સુયોગ છે. અધ્યાત્મ અને આધુનિકતાનો સુયોગ છે. જ્યારે દેશ આઝાદ થયો ત્યારે આપણા પર જવાબદારી હતી કે આપણે શિક્ષાના ક્ષેત્રમાં ભારતના પ્રાચીન વૈભવ અને આપણા મહાન ગૌરવને પુનઃજીવિત કરીએ. આપણા સંતો અને આચાર્યોએ એક બીજું ઉઠાવ્યું અને સ્વામિનારાયણ ગુરુકુળ આ સુયોગનું જીવંત ઉદાહરણ છે. પીએમ મોદીએ સંબોધનમાં કહ્યું કે, મારું સૌભાગ્ય રહ્યુ છે કે, આ ગુરુકુળના મૂળમાં ભગવાન સ્વામિનારાયણની પ્રેરણા રહી છે. પ્રવર્તનીય સદવિદ્યા, ભૂમિયત સુકૃતમ મહંત, અર્થાત સતવિદ્યાનો પ્રસાર, સંસારનું પવિત્ર કાર્ય છે. આ જ તો જ્ઞાન અને શિક્ષા પ્રતિ ભારતનું શાશ્વત સમર્પણ છે. જેના પાયામાં આપણી સભ્યતા છે. રાજકોટમાં ક્યારેક ૭ વિદ્યાર્થી સાથે ગુરુકુળનો પ્રારંભ થયો હતો. દેશવિદેશમાં તેની ૫૦ શાખા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,દર વર્ષે અહીં હજારોની સંખ્યામાં વિદ્યાર્થી આવે છે. ૭૫ વર્ષમાં ગુરુકુળે છાત્રોના મનમસ્તિકને સિંચન કર્યું છે. જેથી તેમનો વિકાસ થઈ શકે. ગુરુકુળ પરંપરાએ દરેક ક્ષેત્રમાં દેશની મેધાને પોષિત કર્યુ છે. ગુરુકુળની વિશેષતા બધા જાણે છે, તે આપણને પ્રભાવિત કરે છે. પહેલા અને આજે પણ ગુરુકુળ દરેક ગરીબ વિદ્યાર્થી પાસેથી એક દિવસની એક જ રૂપિયા ફી લે છે. તેનાથી ગરીબ વિદ્યાર્થીને શિક્ષણ મેળવવાનો રસ્તો સરળ બને છે.ભારતના ગુરુકુળના ઈતિહાસને વર્ણવતા તેમણે કહ્યું કે, ભારતમાં જ્ઞાન જ જીવનનું સર્ચોચ્ચ હેતુ રહ્યો છે. નાલંદા અને તક્ષશિલા જેવા વિશ્વવિદ્યાલય ભારતની આ ગુરુશિષ્ય પરંપરાના પર્યાય હતા. ખોજ અને શોધ જીવન પદ્ધતિનો ભાગ હતા.

ભારતના કણ કણમાં જે વિવિધતા છે, સાંસ્કૃતિક સમૃદ્ધિ છે, તે શોધના પરિણામ છે. આત્મતત્વથી પરમાત્મ તત્વથી આધ્યાત્મથી આયુર્વેદ સુધી, સોશિયલ સાયન્સથી સોલાર સાયન્સ સુધી, મેથ્સથી મીટિરિયોલોજી સુધી, શૂન્યથી અનંત સુધી આપણે દરેક ક્ષેત્રમાં શોધના નવા પરિણામ કાઢ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે,ભારતે અંધકારથી ભરેલા યુગોમાં માનવતાના પ્રકાશની એ કિરણ આપી, જેનાથી આધુનિક વિશ્વ અને આધુનિક વિજ્ઞાનની યાત્રા શરૂ થઈ. ગુરુકુળની શક્તિએ વિશ્વને માર્ગ આપ્યો. જેન્ડર ઈક્વાલિટી જેવા શબ્દનો જન્મ પણ ન થયો હતો, ત્યારે આપણે ત્યા ગાર્ગી મૈત્રી જેવી વિદૂષીઓ શાસ્ત્રાક્ત કરતી હતી. લવકુશ સાથે આત્રેયી પણ ભણી રહ્યા હતા. સ્વામિનારયણ ગુરુકુળ આ પુરાતન પરંપરાને આગળ વધારવા કન્યા ગુરુકુળની શરૂઆત કરી રહ્યું છે. ત્યારે તેમણે શુભેચ્છા પાઠવું છું તેમ કહીને સભા પૂર્ણ કરી હતી.

સતલાસણામાં બોરનું પાણી ખેતરમાં લેવા મામલે ભત્રીજાએ કાકાને માર માર્યો

મહેસાણા, સતલાસણા તાલુકામાં અવેલા રીછડા ગામે બોરનું પાણી ખેતરમાં લેવા મામલે ભત્રીજાએ કાકાને અપશબ્દો બોલ્યા હતા. બાદમાં ભત્રીજાએ પોતાના હાથમાં રહેલી લાકડી કાકાના માથા પર મારી ઘાયલ કર્યા હતા. તેમજ મારી નાખવાની ધમકીઓ આપી ભત્રીજો ફરાર થઈ ગયો હતો. મહેસાણા જિલ્લામાં આવેલા સતલાસણા તાલુકાના રીછડા ગામે રહેતા ૪૦ વર્ષીય ઠાકોર કાંતિજીએ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગામમાં તેઓના ત્રણ ભાઈના ભગવો બોર આવેલ છે. જ્યાં ફરિયાદીએ પોતાના ખેતરમાં ઘઉં ઉગાડયા હોવાથી જેમાં પાણી વાળવા માટે બોર ચાલુ કર્યો હતો. જ્યાં ફરિયાદીનો ભત્રીજો આવી ફરિયાદી સાથે પાણી છોડવા મામલે માથાકૂટ કરી હતી "તમે કેમ પાણી લીધું? પાણીનો વારો અમારો છે' કહી ભત્રીજાએ કાકાને ગાળો બોલી માથાકૂટ કરી હતી. સમગ્ર મામલે ફરિયાદી પર તેના જ ભત્રીજા કેતનજીએ પોતાના હાથમાં રહેલી લાકડીઓ માથામાં મારી હતી. ફરિયાદી લોહીલુહાણ બનતા નીચે પટકાયા હતા અને હુમલો કરનાર ભત્રીજો ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ડીસામાં બરોડા ગ્રામીણ બેંકનો મેનેજર લાંચ લેતા પાલનપુર એસીબીએ રંગે હાથ ઝડપ્યો

ડીસા, ડીસા તાલુકાના આસેડા ગામે આવેલી બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની શાખાના બ્રાન્ચ મેનેજર પશુપાલક પાસેથી પશુ નિભાવ લોનની અરજી પાસ કરવા રૂ.૧૦,૦૦૦ની લાંચ લેતા પાલનપુર એસીબીના હાથે ઝડપાયા છે. એસીબીની ટીમે મેનેજરની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે, ડીસા તાલુકાના આસેડા ગામે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની શાખા આવેલી છે. જેમાં ગામના એક પશુપાલકે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં પશુ નિભાવ લોન રૂપિયા દોઢ લાખ લેવા માટે અરજી કરી હતી. જે લોન પાસ કરવા માટે બેંક મેનેજરે રૂપિયા ૧૦ હજારની લાંચની માગણી કરેલ હતી.

જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ના હોવાથી ફરિયાદીએ પાલનપુર એસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. જે ફરિયાદના આધારે એસીબીના બોર્ડર એકમ ભુજના મદદની નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ પાલનપુર એસીબીના પી.આઈ. એન.એ.ચૌધરીએ લાંચના છટકાનું આયોજન કરતા આસેડા ગામે બેંકની સાખાના મેનેજર જશવંત બી.દવે લાંચના છટકા દરમિયાન ફરિયાદી પાસેથી લાંચની રકમ રૂપિયા ૧૦ હજાર સ્વીકારતા રંગેહાથ પકડાઇ ગયા હતા. જેથી એસીબીની ટીમે તેમની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સીંગણપોરમાં કચરાના ઢગલામાં લાગી વિકરાળ આગ

સુરત, સુરત શહેરમાં સમયાંતરે આગ લાગવાની ઘટનાઓ સામે આવતી રહે છે. સીંગણપોર વિસ્તારમાં આવેલા વિજયરાજ સર્કલ નજીક આગ લગતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગનું ભીષણ સ્વરૂપ જોઈને આસપાસના લોકો પણ ડરી ગયા હતા. ફાયર વિભાગે આગ ઉપર કાબુ મેળવ્યો છે. વિજયરાજ સર્કલ પાસે કચરાના ઢગલામાં આગ લાગતા પતરાના શેડમાં આગ પ્રસરી હતી. સમગ્ર પતરાનો શેડ આગમાં બળીને ખાક થઈ ગયો હતો. આખો પતરાનો શેડ આગની લપેટમાં આવતા ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા હતા. ફાયરને કોલ મળતા તાબડતોબ ઘટના સ્થળે પહોંચ્યો હતો. આગ ખૂબ જ ભીષણ હોય તેવા દ્રશ્યો દેખાયા હતા. ઘટનાની જાણ થતાની સાથે જ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. આજ ખૂબ જ સામાન્ય હતી પરંતુ એકાએક આગે ભીષણ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને તેના કારણે ધુમાડાના ગોટેગોટા નીકળતા દેખાયા હતા. આસપાસના લોકો પણ ડરી ગયા હતા. માત્ર પતરાનો શેડ હોવાને કારણે કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર વિભાગે ગણતરીની મિનિટોમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

પોલીસને સાયબર ક્રાઈમમાં મદદ કરનાર જ ખંડણીનો આરોપી નીકળ્યો, પોલીસે ધરપકડ કરી

અમદાવાદ, અમદાવાદના વેપારીને ફોન કરીને તેના લંડનમાં ભણતા દિકરાની સોપારી મળી છે એમ કહીને એક કરોડની ખંડણી માંગનાર બે આરોપીઓને સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર મામલે મોહનરાજ સેંગુદર અને મોહન ગવન્ડર નામના મણીનગરના બે આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, મોહનરાજ પ્રાઈવેટ બેંકમાં નોકરી કરતો હતો. ત્યાંથી વેપારીના એકાઉન્ટ નંબરો તથા કંપનીની વિગતો તેની પાસે હતી. વેપારીની સ્થિતિથી પણ આરોપીઓ વાકેફ હતા. આ આરોપીએ ખોટું ઈ-મેલ આઈડી બનાવી એપ્લિકેશન ડાઉનલોડ કરી તેના પરથી વેપારીને ફોન કર્યો અને ખોટા ઈમેલ આઈડી પરથી વેપારીને ધમકીભર્યા મેસેજ કરીને ખંડણી માંગી હતી. હાલ બંને આરોપીઓની ધરપકડ કરીને ક્રાઈમ બ્રાન્ચ આગળની તપાસ હાથ ધરી છે. આરોપીઓએ પોલીસને જણાવ્યા પ્રમાણે મોહનરાજ સેંગુદરનું શેરબજારના સટ્ટામાં ૭૦ લાખ રૂપિયાનું દેવું થઈ ગયું હતું. તેને પૈસાની તાત્કાલિક જરૂર હોવાથી વેપારીઓના ડેટા દ્વારા ખંડણી અને ધમકી આપી હોવાની વાત પ્રકાશમાં આવી છે. બંને આરોપીઓ અમદાવાદના મણિનગરમાં રહેતા હતાં. આ બંને જણાએ શોર્ટકટથી રૂપિયા કમાવા તથા દેવુ ભરવા માટે ખંડણી અને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. તેઓ પોતાના ડેટામાં રહેલા સધ્ધર વેપારીઓને સોશિયલ મીડિયા પર ટ્રેક કરીને પરિવારની નાનામાં નાની માહિતી મેળવી લેતા હતાં.એક સમયે મોહનરાજ સાયબર એક્સપર્ટ તરીકેનું કામ કરતો હતો. તેણે ભૂતકાળમાં પોલીસને પણ કેટલાક કેસોમાં ખાસી એવી મદદ કરી હતી. પરંતુ પોલીસે તેને સાયબર ક્રાઈમના ટેકનિકલ એનાલિસિસથી ઝડ પી પાડ્યા હતાં. અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રહેતા એક વેપારી વેજલપુર પાસેથી એપીએમસીમાં હોલસેલ અને રીટેલમાં બટાટાનું વેચાણ કરે છે. તેમને સંતાનમાં બે દીકરા છે. જેમાંથી એક દીકરો લંડન રહે છે અને ત્યાં ભણે છે. તે વેકેશન હોવાથી અમદાવાદ આવ્યો હતો. ત્યારબાદ ફરીવાર વેપારીને ફોન આવ્યો અને શખ્સ બોલવા લાગ્યો કે તુમને ફોન કટ કર દીયા ઓર સામને સે ફોન ભી નહી કીયા ક્યા તુમ્હે તુમ્હારે બચ્ચે કી જાન પ્યારી નહીં હૈ. તેણે વેપારીને કહ્યું હતું કે તુમ તુમ્હારે બચ્ચે કી ક્યા કિમત લગાતે. વેપારીએ ફોન કટ કરી દીધો હતો અને પોતાના ભાઈઓ, પરિવારના સભ્યો તથા પાડોશીઓને પણ આ ફોન કોલ્સ બાબતે જણાવ્યું હતું. આરોપીઓએ વેપારીને ફરીવાર ફોન કર્યો ત્યારે વેપારીએ કહ્યું હતું કે તારે શું જોઈએ છે. ત્યારે શખ્સે કહ્યું હતું કે, મુજે ૧.૦૩ કરોડ ચાહીએ. જીસમે ૫૩ લાખ આજ ઓર ૫૦ લાખ કલ ચાહીએ. પારીએ તેને કહ્યું હતું કે પૈસા કેસે લોગે તો ફોન કરનાર શખ્સે કહ્યું હતું કે, હમ કેશ કી બાત કર રહે હૈ ઓર તુમ એકાઉન્ટ કી બાત કર રહે હો. ત્યારે વેપારીએ તેને કહ્યું હતું કે, હું આટલી જલ્દી રોકડાની વ્યવસ્થા નહીં કરી શકું. ત્યારે સામે વાળા શખ્સે કહ્યું હતું કે તુમ પૈસોં કી વ્યવસ્થા નહીં કરોગે તો મેં તુમ્હારે બચ્ચે કો માર ડાલુંગા. ત્યારબાદ કંપનીના મેઈલ આઈડી પર પણ ધમકીભર્યા મેસેજ આવ્યા હતાં. વેપારીએ ગભરાઈને આખરે પોલીસમાં ફરિયાદ કરી હતી. વેપારીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે ખંડણી માંગનાર બંને આરોપીઓની ધરપકડ કરી છે.

ઘરેથી ભાગીને યુવતી વડોદરા આવી પહોંચી, મુંઝવણમાં મુકાઈ જતા યુવતીને અભયમ ટીમે કાઉન્સેલિંગ કરી પરિવારને સોંપી

વડોદરા, દીકરીની અભ્યાસ કરવાની ઉંમરે પરિવારે સમાજના યુવાન સાથે લગ્ન કરવાની તૈયારી શરૂ કરી હતી. પરિવાર લગ્ન કરાવી દેશે તેવા ડરથી કિશોરીએ સાથે જીવવાના અને સાથે મરવાના વચન આપનાર ગામના પ્રેમી યુવાન ઉપર ભરોસો મૂકી ભાગીને વડોદરા આવી પહોંચી હતી. જોકે, પ્રેમી યુવાને અંતિમ ક્ષણ સુધી સાથ આપવાને બદલે વડોદરા એસ.ટી. ડેપો ઉપર મૂકીને ભાગી ગયો હતો. માતા-પિતાની જાણ બહાર પ્રેમીના ભરોસે વડોદરા આવી પહોંચ્યા બાદ મુંઝવણમાં મુકાઈ ગયેલી કિશોરીને અભયમ ટીમે કાઉન્સેલિંગ કરી પરિવારને સોંપી હતી. અભયમ ટીમ પાસે આવેલો આ કિસ્સો પરિવાર અને પ્રેમમાં પાગલ બનતી યુવતીઓ માટે લાલબત્તી સમાન છે. છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી ગામની સગીર મીના (નામ બદલ્યું છે) છેલ્લા બે વર્ષથી ગામના સંજય (નામ બદલ્યું છે)ના પ્રેમમાં હતી. બે વર્ષના પ્રેમના દિવસો દરમિયાન બંનેએ સાથે જીવવાના અને મરવાનું નક્કી કર્યું હતું. આ વચનને લઈને મીના અને સંજયે ભાગીને લગ્ન કરી સાંસારીક જીવન જીવવા માટે નક્કી કર્યું હતું. નક્કી કરેલા દિવસે સંજય અને મીના લગ્ન કરવાના ઈરાદે ભાગીને વડોદરા આવી પહોંચ્યા હતા. જોકે, મીના અને સંજયને ગામનો જ એક વ્યક્તિ જોઈ જતાં બંને ગભરાઈ ગયા હતા. ગામનો વ્યક્તિ જોઈ ગયા બાદ સંજયે પરિવારને છોડીને માત્ર વિશ્વાસ સાથે આવેલી મીનાની સાથે પ્રેમ નિભાવવાને બદલે તેને વડોદરાના એસ.ટી. ડેપો પર નજર ચૂકવીને ભાગી ગયો હતો. કલાકો સુધી સંજય દેખાઈ ન દેતા મીના મુંઝવણમાં મુકાઈ ગઈ હતી. તેના માટે ઘરે જવું પણ મુશ્કેલ હતું. એસ.ટી. ડેપોમાં સુનમુન બેસી રહેલી મીના ઉપર એક મુસાફરની નજર પડતા તેઓએ ૧૮૧ અભયમ ટીમને જાણ કરતા ટીમ એસ.ટી. ડેપો ઉપર આવી પહોંચી હતી. દરમિયાન અભયમ ટીમે મીનાને મળી તેની પાસેથી હકીકત મેળવતા મીના એ જણાવ્યું કે, છેલ્લા ૨ વર્ષથી ગામના સંજય સાથે સાથે પ્રેમમાં છે. પણ તેમના મમ્મી-પપ્પા બીજા યુવક સાથે લગ્ન કરાવવા માંગે છે. તેથી તેઓ છોટાઉદેપુરથી બસમાં નીકળી આવ્યા હતા. તેમાં તેમના ગામના એક ભાઈ જોઈ જતા તેઓ ગભરાઈ અને યુવક ત્યાંથી ભાગી ગયો હતો. તેથી ઘરે પપ્પાના મારથી બચવા માટે ઘરે જવું નથી તેમ જણાવ્યું હતું. અભયમ ટીમે વિગતો મેળવ્યા બાદ મીનાને યોગ્ય માર્ગદર્શન આપતાં અભયમ ટીમે જણાવ્યું હતું કે, આ રીતે પરિવારની જાણ બહાર નીકળી જવુ યોગ્ય નથી. પરિવાર આપના ભવિષ્ય માટે યોગ્ય નિણર્ય લેતા હોય છે. તેમ છતાંય કોઈ સમસ્યા હોય તો પરિવારને રજૂઆત કરવાથી તેનુ નિરાકરણ આવે છે. દરમિયાન મીનાના પિતાનો અભયમ ટીમે સંપર્ક કરતા તેઓ છોટાઉદેપુરથી તેઓને લેવા માટે વડોદરા આવ્યાં હતા. અભયમ ટીમે તેઓને પણ દિકરીની ઉંમર નાની હોવાથી લગ્નની ઉતાવળના કરવા તેને આગળ અભ્યાસ કરાવવા તથા યોગ્ય ઉમરે લગ્ન માટે તેની કોઈ પસંદગી હોય તો તેને પણ ધ્યાનમાં રાખવાં સૂચન કર્યું હતુ. અને મીનાને પણ અભ્યાસમાં ધ્યાન આપવાં અનુરોધ કર્યો હતો.

Fullerton Grihashakti Jaanda hai teh Raasta hai

ફુલરટોન ઈન્ડિયા હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ : ૫ અને ૬ઠ્ઠો માળ, બી વિન્ગ, સુપ્રીમ સર્કીટ પાર્ક, સુપ્રીમ સિટી, પવઈ. મુંબઈ ૪૦૦૦૭૬
રજી. ઓફિસઃ મેઘ ટાવર્સ, ૩જો માળ, જુનો એ. ૩૦૩, નવો નં. ૧૬૫, પુનમઅલ્લી હાઈ રોડ,મદુરાવોયલ, ચેન્નાઈ- ૬૦૦૦૯૫.

સ્થાવર મિલકત માટે (પરિશિષ્ઠ -૪)ના રૂલ ૮(૧) હેઠળ કબ્જા નોટીસ

જે હોય તે **ફુલરટોન ઈન્ડીયા હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ હાઉસીંગ ફાઈનાન્સ કંપની** (તે બન્ને નેશનલ હાઉસીંગ બેંક સાથે નોંધાયેલી(સંપુર્ણ આરબીઆઈની માલિકી) (હવે તે **એકઆઈએચએફસીએવ** તરીકે ઓળખાશે)તેની રજીસ્ટર ઓફીસના નીચે સહી કરનાર સત્તાવાર અધિકારી તેની રજીસ્ટર ઓફીસ **મેગા ટાવર્સ,૩જે માળે,જુનો નંબર ,૩૦૩, નવો નંબર ૧૬૫ પુનામાલી હાઈ રોડ મદુરાવોયલ,ચેન્નઈ , તામીલનાડુ-૬૦૦૦૯૫** સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ (૨૦૦૨ના ૫૪)સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)એક્ટ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) ના સાથે નિયમ ૩ વાંચતા હેઠળ મળેલ સતા મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર માંગણા નોટીસ કલમ ૧૩(૨) હેઠળ નિચે જણાવેલ તારીખે આપવામાં હતી. આ કાયદા મુજબ તમે કરજદાર છે (નામ અને સરનામું નીચે મુજબ છે.) નોટીસમાં જણાવેલી રકમ તથા તેનું વ્યાજ ચૂકવવી જવા માંગણા નોટીસ આપવામાં આવી છે આ નોટીસ મળ્યાના **૬૦ દિવસની** અંદર રકમ ચુકવી જવાનું કેહેવાયુ હતુ. નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી આ નોટીસમાં જણાવ્યા પ્રમાણેની રકમ ચુકવવામાં નીચે અહી અને જણાવેલ કરજદારો નિષ્ફળ ગયા છે તેથી કરજદારો તથા સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)એક્ટ,૨૦૦૨ પેટા કલમ (૪) કલમ ૧૩ તેની સાથે નિયમ ૮ વાંચતા મળેલી સતાની રુએ નિચે સહી કરનારે નિચે વર્ણવેલી મિલકતનો કબ્જો લીધો છે. કરજદારો અને ખાસ કરીને જાહેર જનતાનો ચેતવણી આપવામાં આવે છે કે અહી જણાવેલી મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યાવહાર કરવો નહી તે **ફુલરટોન ઈન્ડીયા હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** ના ચાર્જમાં તેની બાકી નિકળતી રકમ અને તે ઉપરાંતનું વ્યાજની રકમ માટે ચાર્જમાં છે.

ક. સં.	કરજદાર/સહકરજદારોનું નામ અને લોન એકાઉન્ટ નંબર	આરક્ષિત (સ્થાવર મિલકત) ની વિગત	માંગણા નોટીસ તારીખ રકમ	સાંકેતિક કબ્જાની તારીખ
૦૧.	લેન : ૬૦૦૨૦૮૮૧૦૬૧૫૦૧૨ (૧) ભરતભાઈ એસ કદમ પુત્ર શ્રી રામભાઈ બાબુલાલ કદમ (૨) રૂપાબેન ભરતભાઈ કદમ પત્ની ભરતભાઈ એસ કદમ (૩) યુગ માર્ટ , (૪) યશી ફેશન સરનામું ૧ : જી ૧ સંસ્કાર વિલા , બ્લોક નં. બી, ટંટીથેયા . પલસાણા, ટંટીથેયા, મહાદેવ રેસીડેન્શી પાસે, ચલથાણ, ગુજરાત- ૩૮૪૩૦૫. ઈમેઈલ : bharat.kadam@gmail.com. સરનામું ૨: ફ્લેટ નં. જી૧, ગ્રાઉન્ડ ફ્લોર ઉપર માપ એરિયા ૫૩૩ સ્કેવર ફીટ, સુપર બિલ્ટ-અપ એરિયા અને ૩૫૩ સ્કેવર ફીટ જેમકે ૩૨.૭૯ સ્કેવર મી. અને અલગ થી ૮.૩૬ સ્કેવર મી. બિલ્ટ- અપ એરિયા સાથે અનડિવાઈડેડ શેરમાં લેન્ડ ઓફ સંસ્કાર વિલા, પાર્ટ-બી ઓફ મહાદેવ રેસીડેન્શી -૨ એટ્ર રેવેન્યુ સર્વે નં. ૨૫૬/૩, ૨૫૬/૨+ ૨૬૦ બ્લોક નં. ૧૮૨ ૧૮૨ પૈકી પ્લોટ નં. ૩૨૪,૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૮, ૩૨૯ અને ૩૩૦ ઓફ મૌજે ગામ- ટ